Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-3, December-2023
www.researchguru.net

# ગુજરાતનાં પૂર્વીય પટ્ટાની ધાડની માન્યતા

**પ્રા. તેજસ ચૌહાણ**

ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા તા. ઝઘડીયા જિ.ભરૂચ-૩૯૩૧૧૦

મો. ૮૧૬૦૪૨૫૩૩૮ ઈમેલ- tejaschauhan8542@gmail.com

લોકવિદ્યાના લોકસાહિત્ય, લોકસંગીત, લોકવાદ્યો, લોકનાટયો જેવા પ્રકારોમાં લોકમાન્યતાનો પણ સમાવેશ થાય છે. લોકમાન્યતા એ પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરા છે. જેમાં આગળની પેઢીએ શરૂઆત કરી તે રીતે જે તે વિધિ કે પ્રસંગે કરવામાં આવે છે. લોકમાન્યતા તરત શરૂ થતી નથી પણ તે શરૂ થતાં સમય લાગે છે. તેમજ તેમાં પણ કાર્ય કારણનો સંબંધ હોય છે. આજે અહી ગુજરાતનાં પૂર્વીય પટ્ટાના આદિવાસીઓમાં જોવા મળતી ધાડની માન્યતા વિશે ચર્ચા કરવી છે.

ગુજરાત રાજ્યના પૂર્વીય પટ્ટામાં મુખ્યત્વે ભીલ જાતિ અને પેટા જાતિઓમાં પસાયા, માવી, નીનામા, ડામોર, વાખળા, મેંડા, ગમાવા, મંડોર, બામણીયા, રાઠવા, ભૂરિયા, પરમાર, પટેલિયા, નાયકા, તડવી, કાગ, ભાભોર, મોહનીયા, વગેરે આદિવાસીઓ રહે છે. તેમની સંખ્યા દક્ષિણના આદિવાસીઓ કરતાં ઓછી છે પણ તેમના રીતરિવાજો અને માન્યતાઓ અલગ છે. તેમાંય મેહલાને રીઝવવાની માન્યતા ગુજરાતના બીજા પ્રદેશો કરતાં આગવી છે. તેમણે પરંપરાગત રીતે આજ સુધી ચાલુ રાખી છે.

ગુજરાતના આ વિસ્તારને સરકાર તરફથી સૂકો પ્રદેશ જાહેર કરવામાં આવ્યો છે. અહીં પહાડો અને પથરાળ વિસ્તાર હોવાના કારણે પાણીની પણ અછતને લીધે વરસાદની ઋતુમાં જ ખેતી થાય છે. એના સિવાય પિયતની સુવિધા પણ ખૂબ ઓછી ઉપલબ્ધ છે. તેથી આ પ્રજા ચોમાસા સિવાયની ઋતુમાં મજૂરી કરવા અર્થે શહેરોમાં જતી રહે છે. તેઓ ઉત્સવપ્રિય હોવાના કારણે દિવાળી હોળી જેવા ઉત્સવોમાં સમયાંતરે પાછા આવે છે.

આપણે અહીં વાત કરવી છે, ગુજરાતના પૂર્વીય પટ્ટાની ધાડની માન્યતા વિશેની. 'ધાડ' એટલે એનો શબ્દકોશ પ્રમાણે મૂળ અર્થ 'લૂંટારાની ટોળીનો હુમલો' એવો થાય છે. પણ અહીં 'ધાડ' શબ્દ પ્રદેશગત મેહુલાને રીઝવવાની માન્યતા સાથે જોડાયેલો છે. આ માન્યતા ગુજરાતના વિસ્તારોમાં ભિન્ન ભિન્ન છે. પરંતુ આદિવાસીઓની 'ધાડ' વિશેની માન્યતા એકદમ વિશિષ્ટ છે.

મેહુલાને રીઝવવા માટેની આ માન્યતા સ્ત્રી-પુરુષ બધા માને છે. પણ તેની વિધિમાં ફક્ત ને ફક્ત સ્ત્રીઓ જ સામેલ થાય છે. આ પૂરેપૂરી વિધિને 'ધાડે ચઢવું' એમ કહે છે. અને જે સ્ત્રીઓ ધાડે ચઢવા માટે જાય છે તેને 'ધારિણી'ઓ કહેવામાં આવે છે. આ

માન્યતાની વિધિ તેઓ ત્યારે જ કરે છે જ્યારે વરસાદ એકવાર પડ્યા બાદ વધારે સમય સુધી આવતો- પડતો નથી. ત્યારે આ સ્ત્રીઓ ભેગી મળી ધાડે ચઢે છે. તેઓ વધારે સમય સુધી વરસાદ ન આવે એટલે એમ માને છે કે મેઘરાજા આપણા પર કોપ્યા છે. તેના માટે તેઓ પરંપરાગત રીતે ચાલી આવતી મેહુલાને રીઝવવાની માન્યતા અનુસાર વિધિ કરે છે. જ્યારે આ સ્ત્રીઓ ધાડે ચઢે છે ત્યારે અમુક વિધિઓ અને ટોચકાઓ[1] કરે છે. અને તેમાં ટોચકા ખૂબ મહત્ત્વના હોય છે. અને જો તેમાં તેઓ સફળ ન થાય તો તેઓ ધાડે ચડતી નથી.

ધાડે ચઢવાનું હોય તે દિવસના આગલા દિવસે ગામના વડીલ ગણાતા માણસના ઘરની સ્ત્રી તથા બીજી સ્ત્રીઓ પૂજાની સામગ્રી લઇને દેવસ્થાન પર જઈ પૂજા કરે છે. અને ત્યારબાદ દેવના પથ્થરને ગાયના છાણથી લીંપે છે. જો આ છાણથી લીંપેલા દેવ બીજા દિવસે સૂકાઈ જાય તો તેઓ ધાડે ચઢતી નથી. પણ જો આ લીંપેલા દેવ સૂકાયા વગર તેમાંથી બીજા દિવસે પાણી ઝરવા માંડે તો જ સ્ત્રીઓ ધાડે ચઢે છે. અને જો પાણી ના ઝરે તો દેવને નવડાવીને ફરીવાર લીંપે છે. અને બીજા દિવસે પાણી ઝરવાની રાહ જુએ છે. એમ કેટલીકવાર તેઓ દસ-દસ દિવસ સુધી પાણી ઝરવાની રાહ જુએ છે. આ પ્રકારની માન્યતામાં ટોચકો હોય છે. જે દિવસે સ્ત્રીઓ ધાડે ચઢે છે તે દિવસે બધી સ્ત્રીઓ પુરુષનો પહેરવેશ ધારણ કરી અને પુરુષ વેશમાં જોવા મળે છે. કેટલીક ખમીસ એટલું તો કોઇક તો ખમીસ, પેન્ટ, અને પાઘડી પણ બાંધીને આવે છે, અને હાથમાં તલવાર, ભાલો, ધારિયું[2] તીરકામઠાં જેવા હથિયારો લઈને નીકળી પડે છે. તેઓ એક ગામથી બીજે ગામ ચાલતી જાય છે અને 'ધાડ'ના ગીતો ગાતી જાય છે. જેમકે...

(1)

આલોપાલો મેં તો ઘણો ચાર્યો પાણીનો પડયો
દુકાળ રે ભાઈ ભાઈ
જળમેની માછલી જળમે રમે દેડકો બોલ્યો
પાતાળ રે ભાઈ ભાઈ
ગોવાળિયા ચારે ગાયો પાણીનો પડયો દુકાળ
રે ભાઈ ભાઈ
હું તને પૂછું છું ગાવડીયા ગોવાળ ગાવડી શેને
દૂબળી રે ભાઈ ભાઈ
શું જાણે મારાં ગોકળિયા ગોવાળ પાણીનો
પડયો દુકાળ રે ભાઈ ભાઈ
આલોપાલો મેં તો ઘણો ચાર્યો પાણીનો
પડયો દુકાળ રે ભાઈ ભાઈ
હું તને પૂછું છું બકરીયા ગોવાળ બકરી શેને
દુબળી રે ભાઈ ભાઈ
શું જાણે મારાં બકરીયા ગોવાળ પાણીનો
પડયો દુકાળ રે ભાઈ ભાઈ
આલોપાલો મેં તો ઘણો ચાર્યો પાણીનો પડયો
દુકાળ રે ભાઈ ભાઈ
હું તને પૂછું ઘેટાંના ગોવાળ ગાડરી શેને
દુબળી રે ભાઈ ભાઈ
શું જાણે મારાં ઘેટાંના ગોવાળ પાણીનો
પડયો દુકાળ રે ભાઈ ભાઈ
આલોપાલો મેં તો ઘણો ચાર્યો પાણીનો પડ્યો
દુકાળ રે ભાઈ ભાઈ

(૨)

બાબા મેઘલાં ગાજી ગરુડી વેલો આવજે
તારી કીડી મંકોડી તરસે મરે....
માસી વીજળી વેલી ઝબુકી વેલી આવજે
તારી કીડી મંકોડી તરસે મરે
ઓલા દેડકા પાતાળ ખૂંદીને બહાર
આવજે સરવર
તારી કીડી મંકોડી તરસે મરે
વીરા મોરલા
વીજળીને તેડા મોકલો
સરોવર સૂકાય ગયા રે લોલ.
ઓલા ઢેહાળ વીજળીને તેડી વેલો આવજે
સરવર તરસે મરે રે
ઓલી વીજળી ગુમાન મૂકીને વેલી આવજે
ધરતી સુકાય જશે રે લોલ
ઓલી વીજળી મોસાળ છોડીને વેલી આવજે
નદિયું ભડકે બળે રે લોલ
ઓલી વીજળી વર્ષાને લઇને વેલી આવજે
નદી-નાળા સૂકાય ગયા રે બોલ ...
બાબા મેઘલા ગાજી ગરુડી વેલો આવજે

(3)

જોંબુડીએ જોબું પાકેલાં લસકા લૂમ
જોંબુડી મને નિંદરીયું નઈ આવે
આભલામાં ઢેહાળ ચડેલો ચારે દિશ
જોંબુડી મને નિંદરીયું નઈ આવે
વાદળીમાં વીજળી ઝબકેલી દશે દિશ
જોંબુડી મને નિંદરીયું નઈ આવે
ટાઢો ટાઢો પવન ફૂકાયો દશે દિશ
જાબુંડી મને નિંદરીયું ન આવે.
ધોધમાર મેઘલો વરસેલો ચારે કોર
જોંબુડી મને નિંદરીયું નઈ આવે
જોંબુડીએ જોબું પાકેલાં લસકા લૂમ
જોંબુડી મને નિંદરીયું નઈ આવે

(૪)

ગોવાળ ગાયો ચો સાર્યો ગોવાળિયું રે લોલ
ગોવાળ રેન્જા માળામાં ગોવાળિયું રે લોલ.
ગોવાળ પાણી ચો પાયું ગોવાળિયું રે લોલ
ગોવાળ તેલિયા તળાવે ગોવાળિયું રે લોલ
ગોવાળ બકારા ચો સાર્યા ગોવાળિયું રે લોલ
ગોવાળ રેન્જા માળામાં ગોવાળિયું રે લોલ.
ગોવાળ પાણી ચોં પાયું ગોવાળિયું રે લોલ,
ગોવાળ દૂધિયા તળાવે ગોવાળિયું રે લોલ
ગોવાળ ઘેટા ચૌ સાર્યા ગોવાળિયું રે લોલ.
ગોવાળ રેન્જા માળામે ગોવાળિયું રે લોલ,
ગોવાળ પાણી ચો પાયું ગોવાળિયું રે લોલ.

(૫)

તપ્યો તપ્યો ઉનાળાનો તોપ જોંબુ ઝબકે છે.
ઓલો ઢેહાળ આવે તારી પાસ જોંબુ ઝબકે
છે,

તપ્યો તપ્યો ઉનાળાનો તોપ જોંબુ ઝબકે છે.
બાઈ વીજળી આવે તારી પાસ જોંબુ ઝબકે
છે.

તપ્યો તપ્યો ઉનાળાનો તોપ જોંબુ ઝબકે છે.
ઓલા દેડકાં આવે જોડાજોડ જોંબુ ઝબકે છે.
તપ્યો તપ્યો ઉનાળાનો તોપ જોંબુ ઝબકે છે.
ઓલ્યો ઢેહાળ આવે તારી પાસ જોંબુ ઝબકે
છે.

તપ્યો તપ્યો ઉનાળાનો તોપ જોંબુ ઝબકે છે.

ઓલી ઢેલડી આવે તારી પાસ જોંબુ ઝબકે છે.

તપ્યો તપ્યો ઉનાળાનો તોપ જોંબુ ઝબકે છે.

કાળી કાળી વાદળી ચડેલી મેઘરાજા હોવે ભાયા મેઘલા
વાદળી મેં ઢેહાળ ડોકાયેલો મેઘરાજા હોવે ભાયા મેઘલા
ઢેહાળ મેં વીજળી ઝબુકે મેઘરાજા હોવે ભાયા મેઘલા
ઝીણી ઝીણી વાદળી વરસેલી મેઘરાજા હોવે ભાયા મેઘલા
ગાજી ગરુડી મેઘ આવ્યો મેઘરાજા હોવે ભાયા મેઘલા
ઝરમર ઝરમર મેઘલીયો વરસેલો મેઘરાજા હોવે ભાયા મેઘલા

આ પ્રકારના ગીતો તેઓ ગાય છે. તેમના ગીતોમાં ક્યારેક અશ્લીલતા પણ ડોકાતી હોય છે. જ્યારે ધાડ નીકળી હોય ત્યારે એવું લાગે કે કોઈ સ્ત્રીસેના યુદ્ધે ચડી હોય. આ સ્ત્રીઓ બીજા ગામની સ્ત્રીઓને પાનો ચડાવવા માટે એ ગામના બકરાનું ટોળું હાંકી લાવે છે. એટલે એ ગામની સ્ત્રીઓ બકરાને પાછા લાવવા માટે કરીને પણ બધી ભેગી થઈ ધાડે ચડે છે. જે સ્ત્રીઓ બકરાં હાંકી લઈ જાય છે તેઓ બકરાને ગામના દેવસ્થાને લઈ જાય છે. ત્યાં પેલી સ્ત્રીઓ આવે છે. પછી દેવ આગળ વિધિ કરવામાં આવે છે અને તે સમયે બકરાના કાનની બલિ ચઢાવવામાં આવે છે. પછી બકરા સોંપી દેવામાં આવે છે. આમ, વરસાદ ન આવે ત્યારે સ્ત્રીઓ ગામેગામ ધાડે ચઢે છે. સ્ત્રીઓ ધાડે ચઢીને જતી હોય ત્યારે જો કોઈ પણ પુરુષ સામે મળી જાય તો તેને ઊભો રાખી ધારિણીઓ ખૂબ મારે છે અને પૈસા લે છે. (ક) તેથી ધાડ નીકળતી હોય ત્યારે પુરૂષો મારના ડરથી છૂપાતા ફરે છે. આ સ્ત્રીઓ કંઈ દર વર્ષે ધાડે ચડે એવું નથી. પણ જે વર્ષે વરસાદ વધુ ખેડ કાઢે ત્યારે તેઓ ધાડે ચઢે છે.[3] તેમની આ માન્યતા પણ વિશિષ્ટ છે કેમકે, મેહુલાને રીઝવવાનું પણ કેવું? તેને વિનવીને નહિ પણ તેની સામે યુદ્ધે ચઢીને. આમ,આ માન્યતામાં તેની ન નમવાની સ્વભાવગત ખાસિયત દેખાઈ આવે છે.

આદિવાસી પ્રજાનું જીવન સંઘર્ષમય હોય છે પણ તેમ છતાં તેઓ આ સંઘર્ષોમાં ઉત્સવો ઉજવી અને પરંપરાગત માન્યતાઓ પાળીને જીવનની આનંદ માણે છે.

માહિતીદાતા:

૧) પ્રતાપસિંહ રામસિંગ બારીઆ, ઉ.વ ૬૭. ગામ-પીપલોદ

૨) કાસમબેન મોહનભાઈ પટેલ, ઉ.૨૭, ગામ-મોટીઝરી

ટીપ્પણ:

૧. ટોચકો – અમુક કાર્ય પૂરું કરવા માટેની અનિવાર્યતા

૨. ધારિયું – મોટું દાતરડું

૩. ખેડ – વધારે સમય માટે વરસાદ ન પડે તે સમય ગાળો

૪. ઢેહાળ – કાળા ડિબાંગ વાદળાં